# રસ્તાની વચ્ચે વિશાળ પથ્થર

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

મહારાણી અમનિટોર રસ્તા પર ચાલી રહ્યાં હતાં, તેમનું મસ્તક ગર્વથી ઊંચું હતું, તેમની પાછળ તેમનો શાહી પોશાક લહેરાઈ રહ્યો હતો. થોડે દૂર તેમના પરિવારજનોનાં, ન્યુબિયન લોકોનાં લાંબાં, પાતળાં પિરામિડ હતાં, અને આ પિરામિડની સામે નાઈલ નદી હતી. રણપ્રદેશમાં જીવનની આશા સમાન આ નદી, રેતી અને સોનાના આ રાજ્યમાંથી વાંકીચૂંકી વહી રહી હતી.

મહારાણી રાજ્યના ઘણાં લોકો પાસેથી પસાર થયાં — વેપારીઓ અને શિલ્પકારો, ખેડૂતો અને અન્ય મજૂરો. મહારાણી હાથ હલાવીને અથવા એક નાનું સ્મિત કરીને તેમનું અભિવાદન કરતાં હતાં, અન્યથા વધારે કંઈ બોલતાં નહીં. અમનિટોર અત્યંત કરુણાશીલ શાસક હતાં અને તેઓ કુશાગ્ર અંતર્દષ્ટિ ધરાવતાં હતાં; ચાલતાં-ચાલતાં તેઓ લોકોની વાત સાંભળતાં, નિરીક્ષણ કરતાં અને નોંધ લેતાં કે તેમની પ્રજા શું કરી રહી છે અને તેમને શ્રેષ્ઠ રીતે મદદ કરવા માટે તેઓ શું કરી શકે.

થોડાં સમયમાં જ, મહારાણી એક ભીડભાડવાળા પ્રવૃત્ત બજારમાં આવી પહોંચ્યાં. આ બજારના પ્રવેશદ્વાર પાસે બે વેપારીઓ ઊભા હતા, અને એવું લાગતું હતું કે તેઓ ઝગડી રહ્યા હતા.

‘‘તેં *મારા* ગ્રાહકને હડપી લીધો! એ સ્ત્રી *મારી* દુકાનના આભૂષણો ખરીદવા માગતી હતી!’’ તેમાંનો એક વેપારી કહી રહ્યો હતો, તેનો અવાજ રોષથી ભરેલો હતો.

‘‘અરે!’’ બીજા વેપારીએ કહ્યું, ‘‘તેણે *મારી* દુકાનનાં ઘરેણાં ખરીદ્યાં, તો પછી તેને *તારાં* ઘરેણાં ખરીદવાં હતાં એવું તું કેવી રીતે કહી શકે?’’

તેમનો ઝગડો વધી ગયો અને થોડીવારમાં તો તેઓ બંને એકબીજાના ચહેરા તરફ આંગળી ચીંધીને જોર-જોરથી બૂમો પાડવા લાગ્યા. થોડીવાર માટે મહારાણીની નજર તે બંને પર પડી અને પછી તેઓ આગળ ચાલવાં લાગ્યાં.

પછી તેઓ બે ખેડૂતો પાસે પહોંચ્યાં. તે બંને પણ ઝગડો કરી રહ્યા હતા.

‘‘*મારી* દુકાન પાસે આવીને *તારું* અનાજ વેચવાની તારી હિંમત કેવી રીતે થઈ?’’ તેમાંનો એક ખેડૂત કહી રહ્યો હતો.

‘‘તું શું બોલી રહ્યો છે? હું અહીં પહેલાં આવ્યો હતો. *તારે* અહીંથી જવું જોઈએ.’’ બીજા ખેડૂતે મોટેથી કહ્યું.

તે બંનેને ઝગડતા સાંભળીને મહારાણી મનમાં વિચારવા લાગ્યાં, ‘‘અહીં કંઈક તો છે જે બરાબર નથી.’’

બીજા દિવસે, રાજમહેલમાં તેમણે તેમના સેવકોને બોલાવ્યાં.

મહારાણીએ સેવકોને કહ્યું, ''હું ઇચ્છું છું કે તમે રાજ્યમાંથી એક વિશાળ પથ્થર શોધી લાવો અને હું ગઈકાલે જ્યાં ગઈ હતી તે રસ્તા પર સૌથી ભીડભાડવાળી જગ્યા પર મૂકી દો.''

સેવકો હકારમાં માથું નમાવીને તરત જ નીકળી પડ્યા. સાંજ સુધીમાં, તેઓ પાછા ફર્યા.

તેમણે કહ્યું, ''મહારાણી, અમે તમારા આદેશનું પાલન કરી લીધું છે. અમે રસ્તાની વચ્ચોવચ મોટો પથ્થર મૂકી દીધો છે.''

''બહુ સરસ.'' મહારાણીએ કહ્યું. ''આવતીકાલે સવારે, તમે મને ત્યાં લઈ જજો.''

તો બીજે દિવસે સવારે, સેવકો મહારાણીને રસ્તા પર એ જગ્યાએ લઈ આવ્યાં જે બજારની એકદમ પહેલાં આવતી હતી. જે પણ લોકોને સામાન ખરીદવો હોય કે વેચવો હોય તેમણે રસ્તાના એ ભાગ પરથી પસાર થવું પડતું હતું. પણ હા હવે, ત્યાં તેમના રસ્તાને રોકી રહ્યો હતો એક વિશાળ પથ્થર — ગુલાબી-કથ્થઈ રંગના પથ્થરનો એક મોટો પહાડ!

મહારાણી અમનિટોરે એ વિશાળ પથ્થરને જોઈને કહ્યું, ''અતિ ઉત્તમ. ચાલો, હવે ત્યાં પેલા વૃક્ષોની પાછળ સંતાઈને ઊભા રહીએ અને જોઈએ કે શું થાય છે.''

જેવાં તેઓ વૃક્ષોની પાછળ આવીને ઊભા રહ્યાં કે તેમને રસ્તા પરથી કંઈક અવાજ સંભળાયો. એ અવાજ એક માણસનો હતો જે બળદગાડું ચલાવી રહ્યો હતો અને સીધો એ વિશાળ પથ્થર તરફ જઈ રહ્યો હતો.

''અરે રે...ઊભા રહો, ઊભા રહો!'' તેણે બળદની લગામને ખેંચતા-ખેંચતા બૂમ પાડીને કહ્યું. બળદ ઝટકાભેર થોભી ગયા જેને કારણે એ માણસ આગળની તરફ ફેંકાઈને બળદની પીઠ પર સપાટ થઈ ગયો.

''આ... શું......છે?'' બળદની પીઠ પરથી નીચે ઊતરતા તેણે કહ્યું. તેણે અચકાતા અચકાતા પથ્થર તરફ થોડાં પગલાં ભર્યાં. ''આ અહીં કેવી રીતે આવ્યો?''

''તે ચાલીને પથ્થરની એક તરફ ગયો અને પછી બીજી તરફ અને અચાનક ત્યાં દેખાઈ રહેલા પથ્થરને સમજવાનો પ્રયાસ કરવા લાગ્યો. આખરે, તેણે તેના ખભા ઊંચા કર્યાં, પાછો તેના ગાડામાં બેસી ગયો અને પથ્થરની ફરતે તેના બળદોને હંકારીને જતો રહ્યો.

વૃક્ષો પાછળથી, મહારાણીએ ખૂબ જ ધીમેથી તેમનું માથું હલાવ્યું.

થોડી મિનિટો પસાર થઈ. પછી કોઈકના ચાલવાનો અવાજ આવ્યો, ભારે અને ધીમો અવાજ. રસ્તા પર બે શિલ્પકારો ચાલી રહ્યા હતા અને તે બંને તેમની વચ્ચે એક મોટા કોથળામાં તેમનો સામાન ઉપાડીને જઈ રહ્યા હતા.

''અરેરે...!'' જેવા તેઓ એ પથ્થર પાસે આવ્યા કે તેમાંનો એક શિલ્પકાર બોલ્યો. કોથળાના વજનને કારણે તે હાંફી રહ્યો હતો. ''જો, આપણા રસ્તામાં પેલો મોટો પથ્થર છે!''

બીજા શિલ્પકારે કહ્યું, ''અરે હા, મને તો વિશ્વાસ જ નથી થતો! આપણે કેટલું બધું વજન ઉપાડીને આટલા દૂર આવી ગયા છીએ, અને જ્યારે આપણે વિચાર્યું કે આપણે બજાર પહોંચી જ ગયા છીએ, *તો આ પથ્થર દેખાયો!*''

થોડીવાર સુધી બંને માણસો આવી રીતે ફરિયાદ કરતા રહ્યા અને અફસોસ કરતા રહ્યા. આખરે નિસાસો નાંખીને કોથળાને મજબૂતીથી પકડ્યો અને પથ્થરની બાજુમાંથી જતા રહ્યા.

ફરી એકવાર મહારાણીએ તેમનું માથું હલાવ્યું.

થોડો જ સમય પસાર થયો હતો કે ત્યાં બીજાં ત્રણ લોકો આવી પહોંચ્યાં. તે ત્રણ પ્રતિષ્ઠિત દરબારી હતા, મહારાણી તેમને સારી રીતે ઓળખતાં હતાં. તેઓ જ્ઞાનીપુરુષ હતા, નીતિશાસ્ત્ર અને એવા બીજા તત્ત્વજ્ઞાનની તેમની સમજને કારણે આખા રાજ્યમાં તેમનું ઘણું સન્માન હતું.

તેઓ કોઈ નૈતિક સમસ્યા વિશે ચર્ચા કરવામાં મશગૂલ હતા, અને ત્યારે જ તેમાંના કોઈ એકની નજર એ વિશાળ પથ્થર પર પડી. તે બીજાઓની આગળ આડો હાથ રાખીને થોભવાનો સંકેત કરતા તરત જ ઊભો રહી ગયો.

તેણે કહ્યું, ''જુઓ... જરા આ તરફ જુઓ! વિશાળ પથ્થર. રસ્તાની બરોબર વચ્ચે આવું કામ કોણે કર્યું હશે?''

તેના સાથીઓ પણ તેની જેમ આશ્ચર્યથી એ પથ્થરને જોવા લાગ્યા.

''કદાચ કોઈ પથ્થરકામ કરનારા મજૂરે કર્યું હશે. તે લોકો હંમેશાં તેમના કામને આવું અસ્તવ્યસ્ત કરી દે છે.'' આખરે તેમાંના એક માણસે, પોતાના ભવા સંકોચતા કહ્યું.

''એ મજૂરોની તો વાત જ ન કરો!'' ત્રીજા માણસે હવામાં તેની આંગળી હલાવીને કહ્યું. હવે, તે લોકો પથ્થરના મજૂરોના વિષય પર વાત કરવા લાગ્યા, તેમના પર ગુસ્સે થવું બહુ સહેલું હતું.

''હું તો જાણતો જ હતો કે રસ્તા પર કોણ આવશે તેની પરવા કર્યાં વગર જ તેઓ તેમનો સામાન ગમે ત્યાં છોડીને જતાં રહે છે. પણ આ? રસ્તામાં આવી રીતે પથ્થર છોડીને જતાં રહ્યા? અને તે પણ આટલો મોટો પથ્થર. કેટલી મૂર્ખતાભરી વાત છે! કેટલું ખરાબ! કેટલી ગેરવાજબી વાત છે! કેટલી નિંદાપાત્ર વાત છે!'' ત્રીજા માણસે બોલવાનું ચાલુ રાખ્યું.

જ્યારે તે જાતજાતના અને જટિલ શબ્દો વાપરીને તે મજૂરોનું અપમાન કરી રહ્યો હતો, બીજા બે જોરજોરથી માથું હલાવીને સંમત થઈ રહ્યા હતા. તેમણે વિચાર્યું, *હા, હા, કેટલી ત્રાસજનક વાત છે! આ મજૂરો કેટલા ખરાબ છે!*

તેઓ પણ એ મજૂરોની નિંદા કરતાં કરતાં એ મોટા પથ્થરની બાજુમાંથી આગળ જતા રહ્યા.

વૃક્ષોની પાછળ, મહારાણીના એક સેવકે તેમની તરફ ફરીને પૂછ્યું, ‘‘મહારાણીજી, જો આજ્ઞા હોય તો, હું એક વાત પૂછી શકું : આપણે શું જોવા માંગીએ છીએ? તમને કઈ વસ્તુની અપેક્ષા છે, શું થશે?’’

‘‘જરા થોભ. તને દેખાશે.’’ મહારાણીએ શાંતિથી કહ્યું.

મહારાણીએ આમ કહ્યું એટલામાં જ એક ગરીબ ખેડૂત એ રસ્તા પરથી પસાર થયો. તેણે ખભા પર એક નાનો થેલો ઊંચક્યો હતો.’’

મોટા પથ્થરની પાસે આવતાં જ તે થોભી ગયો.

‘‘આ પથ્થર બજાર તરફ જવાના રસ્તાને રોકી રહ્યો છે. તેની બાજુમાંથી ફરીને જવું, એ લોકો માટે કષ્ટદાયી રહેશે.’’ તેણે ધીરેથી કહ્યું.

તેથી તે પોતાનો થેલો નીચે મૂકીને પથ્થર તરફ ગયો અને જમીન પર મજબૂતીથી પોતાના પગ દબાવીને પથ્થરને ધક્કો મારવા લાગ્યો.

રઽઽઽઽઽઽર. પથ્થર સહેજ પણ ખસ્યો નહીં.

રઽઽઽઽઽઽર. હજીપણ કંઈ ન થયું.

રઽઽઽઽઽઽર. હવે તેને લાગ્યું કે પથ્થર થોડો ખસ્યો, પથ્થર તેની નીચેની જમીનથી થોડો છૂટો પડ્યો. તેણે નીચે જોયું કે તે સહેજ જ ખસ્યો હતો.

રઽઽઽઽઽઽર. બહુ મહેનતનું કામ હતું પણ હવે પથ્થર થોડો ખસ્યો હતો, એટલે તેને થોડો-થોડો કરીને ધક્કો મારવું સરળ થતું ગયું.

જ્યારે ખેડૂત ધક્કો મારી રહ્યો હતો, ત્યારે વધારે લોકો રસ્તા પર આવી ગયા. તેને જોઈને એ લોકો થોભી ગયા; આ નાના, દુબળા માણસને પથ્થર ખસેડવા માટે તેની પૂરેપૂરી તાકાત લગાવતા જોઈને, લોકો તેને માટે ભારે આશ્ચર્ય અને સન્માન અનુભવવા લાગ્યા.

અને પછી — એ જોઈ રહેલાં લોકોમાંથી એક માણસ આગળ આવ્યો. તેણે પણ જમીન પર પોતાના પગ મજબૂતીથી દબાવી દીધા. તે પણ પથ્થરની ખરબચડી સપાટી પર તેના હાથ મૂકીને ધક્કો મારવા લાગ્યો. તેના પછી બીજો એક માણસ આવ્યો, અને પછી બીજો એક અને પછી હજી એક માણસ આવ્યો અને છેવટે બધાં લોકો પથ્થર આગળ જમા થઈ ગયાં. તે બધાંએ પથ્થર પર પોતાના હાથ મૂક્યાં અને એકસાથે તેમણે ધક્કો માર્યો.

અને જેવું તેમણે આમ કર્યું, તે દરેકે હૃદયમાં કંઈક ખુલી રહ્યું હોય એવું મહસૂસ કર્યું. તેમને કંઈક નરમ પડતું હોય એવું મહસૂસ થયું. ખેડૂતની આત્મબળની ઉદારતાથી પ્રેરિત થઈને બધાં લોકોએ પણ એ સારપનો અનુભવ કર્યો જે બીજાની મદદ કરવાથી મળે છે. ખેડૂતની દઢતાથી પ્રેરિત થઈને, કાર્ય પૂરું ન થાય ત્યાંસુધી પ્રયત્ન કરતાં રહેવાના તેના દઢનિશ્ચયથી પ્રેરિત થઈને, તેમણે પણ તેમના પ્રયત્નોને બમણા કરી દીધાં. તેઓ વારંવાર ધક્કો મારવા લાગ્યા, તેમનામાંથી, તેમની આસપાસ અને તેમના અંતરમાંથી ઊર્જાની લહેર પ્રવાહિત થઈ રહી હતી. જે પથ્થર પહેલાં અકલ્પનીય રૂપે વિશાળ લાગી રહ્યો હતો, તે હવે જમીન પર સરળતાથી ગબડી રહ્યો હતો. થોડીવારમાં, તે પૂરીરીતે રસ્તા પરથી હટી ગયો હતો.

જે લોકોએ ખેડૂતને મદદ કરી હતી, તે બધાંએ તેને ઘેરી લીધો. તેમણે તેની પીઠ થાબડી અને તેને ભેટી પડ્યાં. પછી, તેમના માથા પર તેજસ્વિતાથી ચમકી રહેલા સૂરજની સાથે, તેઓ બધાં એકસાથે બજારમાં ચાલવા લાગ્યા.

મહારાણી વૃક્ષોની પાછળથી બહાર આવ્યાં. તેઓ સ્મિત કરી રહ્યાં હતાં.

‘‘આ ઘણો સુંદર દિવસ છે, ખરું ને?’’ મહારાણીએ તેમના સેવકોને કહ્યું, ‘‘ટહેલવા માટે શ્રેષ્ઠ દિવસ છે.’’

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

આ વાર્તા એક લોકકથાથી પ્રેરિત છે જેને વિશ્વભરમાં અનેક પરંપરાઓમાં કહેવામાં આવી છે.